જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

DIGITAL INFRASTRUCTURE FOR KNOWLEDGE SHARING PORTAL

::પ્રેરક::
ડૉ. કે.કે.કરકર
પ્રાચાર્ય
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

::પ્રયોજક::
એ.સી.વ્યાસ
ઈ.ટી.(સિ.લે.)
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

DIKSHA એ શિક્ષકો માટે શિક્ષણ મંત્રાલય (MoE) નું રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મ છે. જે અધ્યયન, અધ્યાપન માટે તેમજ શિક્ષણમાં વ્યાવસાયિક વિકાસ માટે સંસાધનો પ્રદાન કરે છે. DIKSHA એ એક રાષ્ટ્રીય ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે, જેનો ઉપયોગ રાજ્ય તેમની સંબંધિત શિક્ષક-કેન્દ્રિત વિકાસ કાર્યક્રમ માટે કરી શકે છે. શિક્ષકો તમામ ભારતીય ભાષાઓમાં બધા વિષયો અને કક્ષાઓ માટે ઉચ્ચ ગુણવત્તાના અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન સંદર્ભેના સંસાધનો પ્રાપ્ત કરવા તેમજ સંસાધનો તૈયાર કરવા માટે DIKSHA નો ઉપયોગ કરી શકે છે.

DIKSHA પ્લેટફોર્મ એ એક ઓપન એજ્યુકેશનલ રિસોર્સ છે, જે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને નિર્ધારિત થયેલ શાલેય અભ્યાસક્રમ સાથે સંબંધિત શીખવા-શીખવવાની સામગ્રી પ્રદાન કરે છે. શિક્ષકો પાસે પાઠ આયોજન, વર્કશીટ્સ, પ્રવૃત્તિઓ, આનંદદાયક વર્ગખંડના અનુભવો બનાવવા માટે સહાયરૂપ બની શકે છે. વિદ્યાર્થીઓ વિવિધ સંકલ્પનાઓને સમજે છે, પાઠ સુધારે છે, મહાવરો કરે છે અને સ્વાધ્યાય કાર્ય પૂર્ણ કરે છે. વાલી વર્ગખંડોની પ્રવૃત્તિઓનું ઘરમાં અનુકરણ કે અમલીકરણ કરી શકે છે અને શાળાના સમય બાદની મુંઝવણો અને શંકાઓને સ્પષ્ટ કરી શકે છે. આ પ્લેટફોર્મનો હેતુ 'Our Teacher, Our Heroes' ઉક્તિને સાર્થક બનાવવાનો છે. એ સંશોધન દ્વારા સ્થાપિત થયેલ છે શિક્ષકો શાળાની અન્ય કોઈપણ પ્રવૃત્તિઓ કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિને વધુ મહત્વ આપે છે; જે શિક્ષણમાં સૌથી વધુ સહમત દલીલોમાંની એક છે. આથી, શિક્ષકોને બાળકોની સિદ્ધિ વધારવા માટે પાઠ્યપુસ્તકો ઉપરાંત અન્ય વિવિધ પ્રકારના સંદર્ભ સાહિત્યો તેમજ સંસાધનોની જરૂરિયાત રહેતી હોય છે. શિક્ષકોની સાથે વાલીઓને પણ ઘરમાં બાળકો સાથે સ્વાધ્યાયકાર્ય કે પુનરાવર્તન કરાવવા માટે પણ સંસાધનોની જરૂરિયાત હોય છે. શિક્ષકો તેમજ વાલીઓની આ જરૂરિયાત DIKSHA પોર્ટલ દ્વારા સંતોષવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પ્લેટફોર્મ શરૂઆતમાં National Teacher Platform તરીકે ઓળખવામાં આવતું હતું, પરતું વર્ષ 2018 થી તેને DIKSHA પોર્ટલ કે પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્લેટફોર્મ દેશના મોટાભાગના રાજ્યોમાં તેમની જરૂરિયાત અનુસાર તેમની ભાષામાં સંસાધનો પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ થાય છે. DIKSHAની આ પ્રકારની કામગીરી માટે વિવિધ વિભાગો/વર્ટિકલ્સ રચવામાં આવેલ છે, જેની વિગત આ મુજબ છે.

DIKSHAના વિભાગ



Teacher Profile and Registry : શિક્ષક પ્રોફાઇલને સેવાકાલીન શિક્ષકો માટે હાલના ડેટાબેઝમાંથી ડેટા એકત્રિત કરીને માન્ય કરવામાં આવશે.

Teaching Learning Content : TLC માં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ સાથે જોડાયેલા સંસાધનો હોય છે. સંસાધનોમાં પાઠ આયોજન, ઓડિઓ, વીડિઓ, પીડીએફ, ઇન્ટરેક્ટિવ સામગ્રી વગેરે જેવા વૈવિધ્યસભર સંસાધનો ઉપલબ્ધ હોય છે.

Teacher Professional Development : TPD શિક્ષકોમાં તેમના વ્યાવસાયિક વિકાસ અને ક્ષમતાવર્ધન માટે સહાયતા કરતા વિવિધ મોડ્યુલ/કોર્સીસનો સમાવેશ કરવામાં આવેલ છે.

Content Creation by Teacher : શિક્ષકો દ્વારા વિષયાંગ સંદર્ભે ઇ-મટિરિયલ તૈયાર કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને, શિક્ષકો વિષય સંબંધિત સામગ્રી બનાવી શકે છે અને પ્લેટફોર્મ સાથે સંકળાયેલા બધા લાભાર્થીઓને તેમની સામગ્રી પ્રદર્શિત કરી શકે છે.

School Leadership Platform : શાળા નેતાઓ તેમની લીડરશીપ કુશળતામાં સુધારો કરવા તેમજ સામગ્રી બનાવવા માટે પોતાને સજ્જ કરવા માટે ઉપયોગી સામગ્રી મેળવશે. ડી.આઇ.સી.એચ.એસ.એ. રજિસ્ટ્રીનો લાભ લઈ શાળા નેતાઓની રજિસ્ટ્રી પણ બનાવવામાં આવશે.

Assessment : વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના મૂલ્યાંકનો માટેની જોગવાઈ પૂરી પાડશે. તેના માટેના સાધનો પૂરા પાડવામાં મદદરૂપ થશે.

Communication : DIKSHA સંદેશાવ્યવહાર દ્વારા કેન્દ્ર અને રાજ્યોને ઘોષણાઓ કરવા અને શિક્ષકોને સમાચાર, પરિપત્રો, દિશા નિર્દેશો, નિયમનો અને અન્ય સત્તાવાર સૂચનાઓ

આપવામાં સક્ષમ કરશે.

Innovations : DIKSHA શિક્ષક સમુદાય અને નવીન સંગઠનોમાં શ્રેષ્ઠ નવાચાર માટેના પ્રયાસોની આપ-લે કરવા સક્ષમ બનાવશે.

હાલમાં, DIKSHA પ્લેટફોર્મ પર અધ્યયન-અધ્યાપન સામગ્રી તેમજ શિક્ષકો માટે વ્યવસાયિક સજ્જતા માટેના કોર્સીસ સંબંધિત વિભાગ કાર્યરત છે, બાકીના વિભાગો ક્રમશ: શરૂ કરવામાં આવશે. આ પ્લેટફોર્મ પરથી શિક્ષક, મુખ્ય શિક્ષક, અધ્યાપક કે એક વિષય નિષ્ણાત તરીકે ઉપયોગી થાય તેવી સામગ્રી મેળવવા માટે આ બન્ને વિભાગો મદદરૂપ બની શકે છે.

દિક્ષામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ સાથે જોડાયેલા સંદર્ભ સંસાધનો વિવિધ સ્વરૂપમાં સામેલ છે. જેવા કે, ઓડિઓ, વીડિઓ, પ્રકાશનો, ક્રિયાત્મક સંશોધન અહેવાલો, પાઠ આયોજનો, વાર્તાઓ, રમત, સ્વ-અધ્યયન સામગ્રી, ઇન્ટરેક્ટિવ સામગ્રી, ઇ-પાઠયપુસ્તક, વેબસાઇટ લિંક્સ, વગેરે આ તમામ સંસાધનો pdf, mp4, webm, epub, youtube, h5p અને html zip જેવા નક્કી કરવામાં આવેલ ફોર્મેટમાં પ્રાપ્ત કરી શકાય છે. આ તમામ સામગ્રીની મહત્તમ ફાઇલ સાઇઝ 50 Mb સુધી જ રાખવામાં આવેલી છે. આથી, તેને ડાઉનલોડ કરવામાં સરળતા રહે છે.

DIKSHA એ વિદ્યાર્થીઓના શિક્ષણમાં સાતત્ય જળવાઈ રહે અને વિદ્યાર્થીઓને ગુણવત્તયુક્ત શૈક્ષણિક સંસાધનો મળી રહે તે માટેની રાષ્ટ્રીય પહેલ હોઈ આપ સૌને આપની શાળા તથા આપના ગામ/જિલ્લામાં યોગ્ય પ્રચાર-પ્રસાર કરવા વિનંતી છે જેથી મહત્તમ વિદ્યાર્થીઓ ડિજિટલ શિક્ષણનો લાભ લઈ શકે.

ગુજરાત રાજ્યમાં DIKSHA પોર્ટલ

ગુજરાત રાજ્યના DIKSHA વેબ પોર્ટલની મુલાકાત લેવા માટે નીચેની લીંક પર ક્લિક કરો અથવા કોપી કરી બ્રાઉઝરમાં ખોલો : https://diksha.gov.in/gj

ગુજરાતે પ્રથમ તબક્કામાં DIKSHA સાથે જોડાણ 2018થી કરવામાં આવેલ છે. જી.સી.ઇ.આર.ટી.એ ગુજરાત રાજ્ય માટે DIKSHA માટેની નોડલ એજન્સી બનાવવામાં આવેલ છે. તેના પ્રથમ તબક્કામાં, શૈક્ષણિક વર્ષ 2019-20 માટે, જી.સી.ઇ.આર.ટી. દ્વારા ધોરણ ૩ થી ૪ના તમામ વિષયોના પાઠ્યપુસ્તકોને એનર્જીકૃત પાઠયપુસ્તકો (ETB) તરીકે તૈયાર કરી અમલમાં મૂકવામાં આવ્યા છે. જેનો ઉપયોગ કરી વર્ગખંડમાં શિક્ષકો અને બાળકો તેમજ ઘરમાં બાળકો સાથે વાલીઓ DIKSHA પોર્ટલ સાથે QR codeથી લીંક કરવામાં આવેલ વૈવિધ્યસભર સામગ્રીને જોઇ શકે છે.

DIKSHA પોર્ટલ પરથી માહિતી પ્રાપ્ત કરવા માટે બે રીતનો ઉપયોગ કરી શકાય છે. (1) વેબસાઇટ (2) મોબાઇલ એપ.

વેબસાઇટ : https://diksha.gov.in/gj વેબસાઇટની મુલાકાત લેવામાં આવે ત્યારે સૌ પ્રથમ User તરીકે લોગ ઇન થવાનું હોય છે. લોગ-ઇન થયા બાદ ભાષા, રાજ્ય કે બોર્ડ પસંદ કરી તેમાં અપલોડ કરવામાં આવેલ વિષયવાર વિવિધ સાહિત્ય કે સામગ્રીને જોઇ શકાય છે તેમજ તેને ડાઉનલોડ પણ કરી શકાય છે. આ ઉપરાંત, જી.સી.ઇ.આર.ટી.ની વેબસાઇટના હોમ પેજ પર આપવામાં આવેલ GCERT DIKSHA પર ક્લિક કરીને પણ વેબસાઇટ પર જઇ શકાય છે.

મોબાઇલ એપ : Google Play Store પરથી DIKSHA એપ ડાઉનલોડ કરી શકાય છે. તેમાં પણ પ્રારંભિક માહિતી આપી લોગ-ઇન થઇ જરૂરી માહિતી, સામગ્રી કે સાહિત્ય મેળવી શકાય છે.

DIKSHA પ્લેટફોર્મ ના હોમ પેજ પરથી આ પ્લેટફોર્મનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના ડેમો વિડીઓ તેમજ પ્રેઝન્ટેશન અભ્યાસ અર્થે આપવામાં આવેલ છે.

ટૂંકમાં કહી શકાય કે ONE NATION ONE PLATFORM એટલે DIKSHA. રાષ્ટ્રીય ડિજિટલ રિપોઝીટરી એટલે DIKSHA. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, પ્રશિક્ષકો સૌને એક જ જગ્યાએથી ઉત્તમ, ગુણવત્તાયુક્ત ચકાસણી થયેલ શૈક્ષણિક સાહિત્ય સામગ્રી ડિજિટલ સ્વરૂપે મળી રહે તે હેતુસર DIKSHA પ્લેટફોર્મ કાર્યરત છે.

કોરોના મહામારીના કપરા સમય દરમિયાન DIKSHA પ્લેટફોર્મ થકી વિદ્યાર્થીઓના શિક્ષણમાં સાતત્ય જળવાઈ રહે તેમજ શિક્ષકો ડિજિટલ સ્વરૂપમાં તાલીમ મેળવી શકે તે માટેના પ્રયત્નોમાં દેશના મોખરાના રાજ્યો પૈકીનું એક રાજ્ય ગુજરાત છે. વિદ્યાર્થીઓ માટે Energized Textbook (ETB) તૈયાર કરવામાં આવેલ છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ ઘેર બેસી ક્યુઆર કોડ સ્કેન કરીને ડિજિટલ કન્ટેન્ટ થકી અભ્યાસ કરી શકે છે. ધોરણ ૩ થી ૮ ના તમામ વિષયો તેમજ ધોરણ ૧૦ના ગણિત અને વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં ક્યુઆર કોડ મૂકવામાં આવેલ છે. જેમાં ૨૧૦૦ કરતાં વધારે ઈ-કન્ટેન્ટ મૂકવામાં આવેલ છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય દ્વારા હોમ લર્નિંગના કાર્યક્રમ અંતર્ગત ટીવીમાં પ્રસારિત કરવામાં આવતા બધા શૈક્ષણિક એપિસોડ પણ DIKSHA પર મૂકવામાં આવેલ છે. જેથી કોઈ પણ વિદ્યાર્થી ટીવીમાં જોવાનું ચૂકી જાય કે ફરીથી જોવાની જરૂર પડે તો DIKSHA પર કોઈ પણ સમયે નિહાળી શકે છે. જેના અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦૦૦ થી વધુ ઈ-કન્ટેન્ટ મૂકવામાં આવેલ છે. ૧-૪-૨૦૨૦ થી ૨૭-૧૨-૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ દ્વારા ETB તથા હોમ લર્નિંગની કુલ મળીને ૩,૪૯,૨૦,૭૬૫ કન્ટેન્ટ જોવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય દ્વારા શિક્ષકો માટે અત્યાર સુધીમાં

૭૦ કરતાં વધુ ડિજિટલ કોર્સ શરૂ કરવામાં આવેલ છે. જેમાં શિક્ષકો દ્વારા કુલ ૧૧,૫૬,૪૧,૦૭૦ કન્ટેન્ટ જોવામાં આવેલ છે. ગર્વની વાત છે કે સમગ્ર દેશમાં DIKSHA ના વપરાશમાં ગુજરાત રાજ્ય ચોથા ક્રમે છે.

વિદ્યાર્થીઓને DIKSHA પ્લેટફોર્મ પર ગુણવત્તાયુક્ત શૈક્ષણિક ઈ-કન્ટેન્ટ મળતી રહે તે હેતુસર વિદ્યાદાન પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે.

વિદ્યાદાન શું છે ? તેના નામ મુજબ વિદ્યાદાન એટલે વિદ્યાનું દાન. દેશનો કોઇપણ નાગરિક પોતાની પાસે રહેલી વિદ્યાનું દાન કરે, શિક્ષણનું દાન કરે તે વિદ્યાદાન.

વિદ્યાદાન કોણ કરી શકે? વિદ્યાનું દાન કોઈપણ શિક્ષક, પ્રશિક્ષક, વાલી કે અન્ય કોઈપણ વ્યક્તિ કે સંસ્થા કરી શકે.

વિદ્યાદાન કેવા સ્વરૂપે કરી શકે? વિદ્યાનું દાન ડિજિટલ સ્વરૂપે વિડીઓ, ઓડિયો, મૂલ્યાંકન પ્રશ્નો, પાઠ આયોજન, આંતર ક્રિયાત્મક પ્રવૃત્તિ વગેરે સ્વરૂપે હોઈ શકે. પાઠયપુસ્તક સાથે સંકળાયેલ કોઈપણ અભ્યાસ સંલગ્ન સાહિત્ય કે સંદર્ભ સાહિત્ય હોઈ શકે.

વિદ્યાદાન પ્રક્રિયા કેવી છે? વિદ્યાદાન પ્રક્રિયા મુખ્ય ત્રણ પાંખ ધરાવે છે.

સહભાગી (Contributor) : વિદ્યાદાન પ્રક્રિયામાં કોઈપણ વ્યક્તિ કે કોઇપણ સંસ્થા સહભાગી બની શકે છે. વિષયવસ્તુ નિર્માણમાં સહભાગી બનતી વખતે કેટલીક સામાન્ય બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જેવી કે.... વિષયવસ્તુ જે તે મુદ્દાને અનુરૂપ હોવું જોઈએ. વિષયવસ્તુ તરીકે યુ-ટ્યુબની લિંક મૂકી શકાશે નહીં.

ખૂબ લાંબા વિડીઓ અપલોડ કરવા તથા ડાઉનલોડ કરવામાં મૂશ્કેલ હોય છે તે બાબતને ધ્યાને લઇ વિષયવસ્તુ નિર્માણ કરવું. વિષયવસ્તુમાં જોડણી, પેડાગોજી વગેરેનો ખ્યાલ રાખવો. તમે જે વિષયવસ્તુમાં સહભાગી થવા ઇચ્છો છો તેમાં કોઇપણ પ્રકારની વ્યાવસાયિક જાહેરાતો કે પ્રમોશન કરેલું ન હોવું જોઈએ. વિષયવસ્તુ કોઇપણ પ્રકારનો કોપીરાઈટ ભંગ ન થવો જોઈએ.

મૂલ્યાંકન કરનાર (Reviewer) : તજજ્ઞો દ્વારા સહભાગી થનાર વ્યક્તિએ આપેલ વિષયવસ્તુનું વિષયવાર અને ધોરણવાર મૂલ્યાંકન કરવામાં આવે છે. તેને રીવ્યુઅર કહેવાય છે. તેઓ વિષયવસ્તુની ગુણવત્તા ચેક કરી તેને સ્વીકાર કે અસ્વીકાર કરશે અથવા જરૂર જણાયે સુધારો સૂચવશે એટલે કે કોઈપણ કન્ટેન્ટ Accept, Reject or Correction માટે મોકલી શકશે.

સોર્સિંગ ઓર્ગેનાઈઝેશન (Sourcing Organisation) : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર સોર્સિંગ ઓર્ગેનાઈઝેશન તરીકે કાર્ય કરે છે. જે જરૂરિયાત મુજબના શૈક્ષણિક પ્રોજેક્ટ ખુલ્લા મૂકે છે. હાલ ગુજરાતના કુલ ૧૨ પ્રોજેક્ટ ખુલ્લા મૂકવામાં આવેલ છે. જેમાં ધોરણ ૩ થી ૮ ના તમામ વિષયના પાઠ્યપુસ્તકોનો સમાવેશ કરેલ છે.

વિદ્યાદાન પ્રોજેક્ટમાં સહભાગી કઈ રીતે બની શકાય ?

વિદ્યાદાન પ્લેટફોર્મ પર વિવિધ સ્વરૂપોમાં વિષયવસ્તુનું દાન કરી શકાય છે. વિદ્યાદાનમાં વિષયવસ્તુ અપલોડ કરવા માટે ચોક્કસ પગથિયાંઓને અનુસરવાનું રહે છે. આવા પગથિયાંઓ નીચે મુજબ છે.

Step:1 “Individual Contributor તરીકે નોંધણી

https://vdn.diksha.gov.in/gj/contribute પર જાઓ.

તમારા DIKSHA ID અને પાસવર્ડનો ઉપયોગ કરીને લૉગ ઇન કરો અથવા "Sign in with Google" પર ક્લિક કરીને તમારા Gmail ID અને પાસવર્ડનો ઉપયોગ કરીને લૉગ ઇન કરો.

સફળતાપૂર્વક લૉગ ઇન કર્યા પછી, એક ડાયલોગ બોક્સ "Enroll as contributor" દેખાશે. તેમાં "Individual” પસંદ કરો અને સબમિટ પર ક્લિક કરો.

step: 2 કોઈ પણ પ્રોજેક્ટ માટે પોતાને નોમિનેટ કરવા

"All Projects" ટેબ હેઠળ, તમામ મોજુદા પ્રોજેક્ટ્સ ઉપલબ્ધ થશે. તમે જે પ્રોજેક્ટ માટે સહભાગી થવા માગો છો તે પ્રોજેક્ટ પસંદ કરો અને "Open" પર ક્લિક કરો.

"Select Content Types" પર ક્લિક કરો. તમે યોગદાન આપવા માંગતા હો તે content type પસંદ કરો અને "Submit" પર ક્લિક કરો.

આપેલ પ્રોજેક્ટનાં તમામ પાઠયપુસ્તકો દેખાશે. જેના માટે તમે ફાળો આપવા માંગો છો એ બધા પાઠયપુસ્તકો પસંદ કરો.

"Nominate" પર ક્લિક કરો. એક ડાયલોગ બોક્સ દેખાશે, જેમાં "submit" પર ક્લિક કરો.

એકવાર સોર્સિંગ સંસ્થા દ્વારા તમારું નોમિનેશન સ્વીકારાયા પછી તમે પ્રોજેટ્સમાં ફાળો આપવાનું પ્રારંભ કરી શકો છો.

Step : 3 વિદ્યાદાન પર "Individual Contributor" તરીકે ફાળો આપવો.

https://vdn.diksha.gov.in/gj/contribute પર જઈ તમારા એકાઉન્ટમાં લૉગ ઇન કરો. "My Projects" પર ક્લિક કરો.

તમારું નોમિનેશન જે પ્રોજેક્ટ માટે સ્વીકારાયેલ છે તેમાં સ્ટેટસ "Approved" જોવા મળશે. પ્રોજેક્ટમાં વિષયવસ્તુ સામગ્રી ફાળવવા માટે "Open" પર ક્લિક કરો.

જે પાઠ્યપુસ્તક માટે વિષયવસ્તુ સામગ્રી ફાળવવી હોય તેમાં "Upload Content" પર ક્લિક કરો.

તમે પસંદ કરેલ પાઠ્યપુસ્તકના બધા પ્રકરણ અને તેની અંદરના મુદ્દાઓ જોવા મળશે. જે મુદ્દા વિષે વિષયવસ્તુ નિર્માણ કરવું હોય તેમાં "Create New" પર ક્લિક કરો.

જે પ્રકારનું વિષયવસ્તુ ફાળવવું હોય તે પસંદ કરો. પસંદ કરેલ વિષયવસ્તુના જે તે પ્રકાર માટે નીચે આપેલ ફોર્મેટ મુજબની ફાઈલ અપલોડ કરી શકાશે.

Explanation (મુદ્દાની વિગતવાર સમજ આપતું વિષયવસ્તુ) ® pdf, epub, mp4, webm

Activity for learning (મુદ્દાને સમજવા માટે કોઇ પ્રવૃત્તિ) ® pdf, epub, mp4, h5p, webm

Experiential (મુદ્દાને સંલગ્ન પ્રાયોગિક કે અનુભવ વિષેનું વિષયવસ્તુ) ® mp4, webm

Explanation Video (મુદ્દાની વિગતવાર સમજ આપતો વિડીઓ) ® mp4, webm

કમ્પ્યુટરમાંથી વિષયવસ્તુ અપલોડ કરો.

વિષયવસ્તુ વિષેની બધી વિગતો ભરો. વિષયવસ્તુનું નામ લખતી વખતે ખાસ તકેદારી રાખી મુદ્દાનું નામ લખવું.

જો વિષયવસ્તુ તમે બનાવેલ હોય તો "Author"માં તમારું નામ લખવું અને જો કોઈ સંસ્થાએ બનાવેલ હોય તો એ સંસ્થાનું નામ લખવું.

જો વિષયવસ્તુ તમે બનાવેલ હોય પણ બીજી કોઈ સંસ્થાની પણ તેમાં કોઈ પ્રકારની ભાગીદારી હોય તો "Author"માં તમારું અને "Attributions" માં જે તે સંસ્થાનું નામ લખી શકાય.

બધી વિગતો સાવચેતીપૂર્વક ભર્યા બાદ "Publish" પર ક્લિક કરો.

DIKSHA પર અપલોડ થયેલ દરેક વિષયવસ્તુ cc BY 4.0 લાયસન્સ ધરાવે છે. મતલબ કોઈપણ વ્યક્તિ વિષયવસ્તુને કોઈપણ માધ્યમ અથવા ફોર્મેટમાં કોપી કરી શકે અને ફરીથી વિતરિત કરી શકે છે.

જો તમે નિર્માણ કરેલ વિષયવસ્તુ સોર્સિંગ સંસ્થા દ્વારા સ્વીકારવામાં આવશે તો તેનો લાભ રાજ્યના દરેક વિદ્યાર્થી લઈ શકશે.

જો તમે નિર્માણ કરેલ વિષયવસ્તુ ગુણવત્તાના ધોરણોને અનુરૂપ નહીં હોય તો તેને સોર્સિંગ સંસ્થા દ્વારા રિજેક્ટ કરવામાં આવી શકે છે. જો તમે નિર્માણ કરેલ વિષયવસ્તુ સોર્સિંગ સંસ્થા દ્વારા કોઈ સુધારા માટે મોકલવામાં આવશે તો તમને એ કન્ટેન્ટ સામે Correction Pending જોવા મળશે. યોગ્ય સુધારો કરવા તેના પર ક્લિક કરો.

"View Comments" પર ક્લિક કરવાથી સોર્સિંગ સંસ્થા દ્વારા તમારા વિષયવસ્તુ પર સુધારા માટે કરવામાં આવેલ ટિપ્પણી જોઈ શકશો. યોગ્ય સુધારા કરી તમે વિષયવસ્તુ ફરી "Publish" કરી શકો છો.

VidyaDaan કઈ રીતે કરશો ?

તેની સંપૂર્ણ માહિતી

ધોરણ 3 થી 8 ના દરેક વિષયોના વિડીયો ના QR Codes

ધોરણ-3 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

ગણિત	પર્યાવરણ	ગુજરાતી
Chapter-7 સમય વહી જાયછે કેલેન્ડરનોજાદુ	Chapter-3 પાણીબચાવીએ પાણી નું મહત્વ	Chapter-9 રંગબેરંગી મસાલીયું વાર્તા

ધોરણ-4 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

અંગ્રેજી	પર્યાવરણ	ગુજરાતી	હિન્દી	ગણિત
Unit-4 our helpers Activity 1	Chapter-7 રિયાની ટ્રેન મોડી પડી	Chapter-4 લાખો વણઝારો	Chapter-6 ટપકા કા ડર	Chapter-8 ગોળ બંગડી

ધોરણ-5 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

અંગ્રેજી	પર્યાવરણ	ગુજરાતી	હિન્દી	ગણિત
Unit-5 Activity 4	Chapter-7 પાણી સાથેના પ્રયોગો	Chapter-7 અલ્લક દલ્લક કાવ્ય-ગાન	Chapter-2 વીસ સે ચાલીસ તક ગિનતી	Chapter-9 આકારો વાળીને સમઘન બનાવવા

ધોરણ-6 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

અંગ્રેજી	સમાજિક વિજ્ઞાન	ગુજરાતી	હિન્દી	ગણિત
Unit-4 Activity 1	Chapter-9 કટીબંધો ભાગ 5	Chapter-1 રેલ્વેસ્ટેશન	Chapter-8 રાજાકા હિસ્સા	Chapter-6 પૂર્ણાંકો નો સરવાળો

વિજ્ઞાન

Chapter-13
ચુંબક સાથે ગમ્મત

સંસ્કૃત

Unit-1
મમ અબ્ભાની
વિડીઓ 4

ધોરણ-7 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

અંગ્રેજી

Unit-1
video 1

સમાજિક વિજ્ઞાન

Chapter-2
દિલ્હી સલ્તનત

ગુજરાતી

Chapter-2
આજની ઘડી
રળિયામણી

હિન્દી

Chapter-1
બેટી વિડીઓ 1

ગણિત

Chapter-1
પૂર્ણાંક સંખ્યાઓ
વિડીઓ 2

વિજ્ઞાન

Chapter-13
ઝડપનું માપન

સંસ્કૃત

Unit-1
પહેલી કા વિડીઓ 6

ધોરણ-8 ના દરેક વિષયના નમૂનારૂપ વિડીયોના QR કોડ

અંગ્રેજી	સંસ્કૃત	ગુજરાતી	હિન્દી	ગણિત
Unit-3 Activity 1, 2	Chapter-2 ચિત્ર પદાની વિડીઓ 1	Chapter-13 શરૂઆત કરવી કાવ્ય શ્રવણ	Chapter-5 દોહે વીડીઓ 2	Chapter-11 નળાકાર નું પૃષ્ઠફળ

વિજ્ઞાન
Chapter-17 સૂર્યમંડળના કેટલાક અન્ય સભ્યો

- ડીઝીટલ ટીચર ટ્રેનીંગ

આ ઉપરાંત DIKSHA પોર્ટલ પર દર સપ્તાહે નવા કોર્સ મુકવામાં આવે છે. જેમાં જોડવા માટે અને સર્ટીફીકેટ મેળવવા માટે નિયમિત DIKSHA પોર્ટલની મુલાકાત લેશો.

ગુજરાત રાજ્ય દ્વારા DIKSHA પર હાલ નીચે મુજબ કોર્સ લાઇવ છે કે જેમાં કોઈપણ સમયે જોડાઈને શિક્ષક કોર્ષ પૂર્ણ કરી સર્ટીફીકેટ મેળવી શકે છે. કોર્સના નામ સાથે આપેલ ક્યુઆર કોડ સ્કેન કરી જે તે કોર્ષમાં જોડાઈ શકાશે.

ગાંધીજીનું શિક્ષણદર્શન: ભાગ ૧ — D9G3W5	ગાંધીજીનું શિક્ષણદર્શન ભાગ ૨ — L3V9I9	ગાંધીજીનું શિક્ષણદર્શન ભાગ 3 — C4Y8V6
ગુણોત્સવ 2.0 - ભાગ 1 — F2P4M7	ગુણોત્સવ 2.0 - ભાગ 2 — H7U5X4	ગુણોત્સવ 2.0 - ભાગ 3 — J1N6U4
'નવતર' ઇનોવેશન્સ ઇન એજ્યુકેશન ભાગ ૧ — R4I5B3	'નવતર' ઇનોવેશન્સ ઇન એજ્યુકેશન ભાગ ૨ — I7L2D7	NEP 2020: પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ: અધ્યયનનો આધારભૂત તબક્કો — R6L7P9

NEP 2020 - પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન: અધ્યયનની અતિઆવશ્યક પૂર્વશરત E3Z5W7	એક્શન રિસર્ચ: શૈક્ષણિક સંશોધનની સંકલ્પના B4B2L8	એક્શન રિસર્ચ: ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના S1E1Q9
ક્રિયાત્મક સંશોધનનું મહત્વ અને મર્યાદાઓ Q2F6L6	ક્રિયાત્મક સંશોધન - સમસ્યાની ઓળખ L4G9P7	સંશોધન યોજના J8U8V8

બાળવિકાસ અને શિક્ષણપ્રક્રિયા G1J1F8	પૂર્વ પ્રાથમિક શિક્ષણ: અભ્યાસક્રમ અને સિદ્ધાંતો F6R7E8	પ્રારંભિક વર્ષોમાં ગણિત, ભાષા અને પર્યાવરણ શિક્ષણ K9H5K8
શાળાકીય શૈક્ષણિક ઇન્ડિકેટર્સ A9I8K8	શૈક્ષણિક ઇન્ડિકેટર્સની ગણતરી S2S1X6	અસરકારક પ્રસ્તુતિકરણ કૌશલ્ય વિકાસ E3G9S7
એન. સી. એફ. ૨૦૦૫ અને સામાજિક વિજ્ઞાન (ઉચ્ચ પ્રાથમિક) N4K9Z6	એન. સી. એફ. ૨૦૦૫ અને સામાજિક વિજ્ઞાન (સેકન્ડરી) K5F2T7	સામાજિક વિજ્ઞાનનું સમજપત્ર (એન.સી.એફ. સંદર્ભ) B5G3P9

વિજ્ઞાન શિક્ષણમાં અધ્યયન નિષ્પત્તિ અને તેની વર્ગખંડ પ્રક્રિયાઓ J8J6E1	વિજ્ઞાન સાક્ષરતા માટે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય મૂલ્યાંકન C9Q3M2	એન.સી.એફ. 2005 અને પર્યાવરણ શિક્ષણ B8R3F8
રોજિંદા જીવનમાં ભૂગોળ L8A5J6	NCF 2005 અને સમજપત્ર સંદર્ભે ભૂગોળ શિક્ષણ D2K4C8	કોર્સ ઓન થિયેટર ઇન એજ્યુકેશન W9K4Z5
અસરકારક પ્રયોગકાર્ય T2C5R3	વિદ્યાર્થીઓ માટે ઘેર બેઠા શિક્ષણ A7D7J2	સ્વ-રક્ષણ તાલીમ U3Z2E8
SPArSH ૧- તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ Z3V9D4	SPArSH ૨- ભાવનાત્મક અને માનસિક આરોગ્ય E5D9B9	SPArSH 3- આંતરવૈયક્તિક સંબંધ Y9V3H2
ક્રિયાત્મક સંશોધન - માહિતીનું એકત્રીકરણ N1W7F2	ક્રિયાત્મક સંશોધન - વ્યક્તિ અભ્યાસ T6Q7Z8	પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં પાયાનાં તત્વો P3F6S7